NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**
**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF) ના વાર્ષિક હિસાબી પત્રકો બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ, નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તેમજ યુનિવર્સિટીના તમામ **GPF** ખાતા ધારક કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા તમામ **GPF ખાતા ધારક** કર્મચારીશ્રીઓના **નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬** ના **GPF** ખાતાના **વાર્ષિક હિસાબી પત્રકો** અત્રેની કચેરી ખાતે ઊપલબ્ધ રેકોર્ડ આધારિત ચકાસણી કરી અત્રેની **GPF** શાખા દ્વારા તૈયાર કરી દેવામાં આવેલ છે. **GPF** ખાતાના **વાર્ષિક હિસાબી પત્રકો** દરેક કચેરીના પગારબીલ સબંધિત કામગીરીઓ સંભાળનાર કર્મચારીના **URP** સોફ્ટવેર **Login** માં ઊપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેની રેકોર્ડ આધારિત ચકાસણી જેતે કચેરીએ કરી લેવાની રહેશે.

વધુમાં, **GPF** ખાતાના **નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬** ના વાર્ષિક હિસાબી પત્રકોની રેકોર્ડ આધારિત ચકાસણી કર્યા બાબતનું પ્રમાણપત્ર અત્રેની કચેરીએ **તા. ૧૦/૦૪/૨૦૨૬ સુધી માં** રજુ કરવાનું રહેશે તેમજ જો **GPF** ખાતાના **વાર્ષિક હિસાબી પત્રકો** માં સુધારા-વધારા જણાય તો જરૂરી આધાર પુરાવા સાથે **તા.૦૬/૦૪/૨૦૨૬ સુધી માં વાંધા અરજી** રજુ કરવા તમામ કચેરીઓને જણાવવામાં આવે છે.

**GPF** ખાતાના **વાર્ષિક હિસાબી (સ્લીપ) પત્રકો** નાણાકીય વર્ષ પૂર્ણ થતાં કર્મચારીઓને હાર્ડ કોપી ઉપલબ્ધ ન કરાવતા ફક્ત <u>ડીજીટલ</u> સ્વરૂપે જે તે કર્મચારીશ્રીના **SSO Login** માં ઊપલબ્ધ કરાવવા અર્થે માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/પી.એફ./ ૧૧૧૯/૨૦૨૪, તા.૨૩/૦૩/૨૦૨૪ થી સર્વેને જાણ કરવામાં આવેલ છે. જેથી **GPF ખાતા ધારક** કર્મચારીશ્રીઓ નાણાંકીય વર્ષ **૨૦૨૫-૨૬** ના **GPF** ખાતાના **વાર્ષિક હિસાબી (સ્લીપ) પત્રકો SSO Login** માંથી મેળવી લેવું જેમાં કોઇ ક્ષતિ જણાય તો ઉક્ત જણાવેલ સમય મર્યાદાને ધ્યાને લઇ આપની કચેરી એ આધાર પુરાવા સાથે **તા. ૦૧/૦૪/૨૦૨૬ સુધી માં વાંધા અરજી** રજુ કરવું.

**હિસાબ નિયામક**

**જા.નં. નકૃયુ/હિનિ/પી.એફ./૮૫૯/૨૦૨૬**
**નવસારી, તા. ૨૩/૦૩/૨૦૨૬**

**નકલ સવિનય રવાના (ઇ-પરિપત્ર દ્વારા):-**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૨) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

(૩) આ યુનિવર્સિટીના તમામ **GPF** ખાતા ધારક કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.